ક્રમાંક:પરચ/૨૦૧૮/૧૨૨૮-૧૨૨૮
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
અનાવિલ ભવનની સામે,
કારેલીબાગ,વડોદરા
તા:૦૫/૦૧/૨૦૧૮

District Education Officer, Vadodara District, Vadodara

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી/ગ્રાન્ટેડ/સ્વનિર્ભર (નોન ગ્રાન્ટેડ)શાળાઓ,

માધ્યમિક/ઉ.મા.શાળાઓ,

તમામ બોર્ડ તમામ માધ્યમ,

જિલ્લો: વડોદરા

વિષય: "જનજાગૃતિ અભિયાન,વડોદરા"ના નેજા હેઠળ સ્વરચિત શૌર્ય ગીત સ્પર્ધા યોજવા બાબત.
સંદર્ભ: "જનજાગૃતિ અભિયાન,વડોદરા" નો તા:૦૫/૦૧/૨૦૧૮નો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભના અનુસંધાનમાં જણાવવાનું કે "જનજાગૃતિ અભિયાન,વડોદરા" ની સ્થાપના કારગીલ ના યુદ્ધ દરમ્યાન ૧૯૯૯ માં નવી પેઢીમાં દેશપ્રેમ, રાષ્ટ્રીય ભાવના, કોમી એકતા વગેરે કેળવાય તથા તેઓ દેશ માટે કંઇક કરવા સક્રિય થાય તેવા શુભ આશય થી કરવામાં આવી છે. આ માટે આ સંસ્થા છેલ્લા અઢાર વર્ષથી વિદ્યાર્થીઓ માટે વકતૃત્વસ્પર્ધા,નાટ્ય સ્પર્ધા,શૌર્યગીતગાન સ્પર્ધા,પોસ્ટર સ્પર્ધા,પ્રદર્શન,નાટ્ય નિદર્શન,સ્વરચિત શૌર્યગીત સ્પર્ધા,ચિત્ર સ્પર્ધા,સેમીનાર,કવિ સંમેલન તેમજ રેલી જેવા વિવિધ કાર્યક્રમો યોજે છે. આમ આ સંસ્થા વિદ્યાર્થીઓ માટે ખુબ સારું કામ કરે છે. આ વર્ષે આ સંસ્થા એ સ્વરચિત શૌર્યગીત સ્પર્ધા નું વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ આચાર્યો માટે આયોજન કરેલ છે.

પ્રસ્તુત સ્પર્ધા બે વિભાગમાં એટલેકે [૧] ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે [૨] આચાર્યશ્રીઓ તેમજ શિક્ષકો માટે યોજવામાં આવી છે.

[૧] પ્રસ્તુત સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકે સ્વહસ્તે કાવ્ય રચના કરીને તારીખ ૨૫-૧-૨૦૧૮ ની સાંજ સુધીમાં અમારી કચેરીએ મોકલી આપવાની રહેશે.ત્યારબાદ કોઈ કૃતિ સ્વીકારવામાં આવશે નહિ. સ્પર્ધકે પોતાનું પૂરૂં નામ,ઘરનું સરનામું, ફોન નંબર તથા ઉપર દર્શાવેલ વિભાગોમાંથી કયા વિભાગમાં ભાગ લઇ રહ્યા છે તે જણાવવાનું રહેશે. આ ઉપરાંત વિદ્યાર્થી હોય તો તે કયા ધોરણમાં કઈ શાળામાં અભ્યાસ કરે છે તે જણાવવાનું રહેશે. અને તે ઉપર જે તે શાળાના આચાર્યશ્રીએ પોતાની સહી કરી શાળાનો સિક્કો મારી આપવાનો રહેશે. આ જ રીતે વિભાગ ૨ માં ભાગ લેનાર શિક્ષક અથવા આચાર્યશ્રીએ પોતાનું પૂરૂં નામ, ઘરનું સરનામું, ફોન નંબર તથા શાળાનું પૂરૂં નામ સરનામું અને ફોન નંબર જણાવવાના રહેશે અને તે ઉપર જે તે શાળાના આચાર્યશ્રીએ પોતાની સહી કરી શાળાનો સિક્કો મારી આપવાનો રહેશે.

[૨] આ સ્પર્ધાના વિષયો : ૧. શૌર્યગીત ૨. પર્યાવરણ ૩.સ્વચ્છતા ૪. યુવાજાગૃતિ અને વ્યસનમુક્તિ.

[૩] સ્પર્ધકે ઉપરોક્ત વિષયો પૈકી કોઈ પણ એક વિષય માં ગુજરાતી અથવા હિન્દી ભાષામાં પોતાની કૃતિ ઓછામાં ઓછી ૧૦ અને વધુમાં વધુ ૧૫ પંક્તિ માં રચવાની રહેશે.

[૪] સ્પર્ધકે પોતે જ આ કાવ્યની રચના કરી છે તેવું બાંહેધરી પત્ર કૃતિની સાથે રજુ કરવાનું રહેશે, જે સ્પર્ધામાં ભાગ લેવા માટે અનિવાર્ય રહેશે.

[૫] સ્પર્ધામાં ભાગ લેવાંમાં આવેલ બંને વિભાગની કૃતિઓ અલગથી ચકાસી તેમાંથી શ્રેષ્ઠ ત્રણ કૃતિઓની પસંદગી કરવા સંસ્થા તરફથી આ વિષયના નિષ્ણાતો ની સમિતિ નીમવામાં આવશે, પ્રસ્તુત સમિતિ નો નિર્ણય આખરી ગણાશે અને તે બાબતે કોઈ પણ પ્રકારનો વાંધો વિરોધ કરી શકાશે નહિ.

૬] સમિતિ તરફથી વિભાગ ૧ માટે પસંદ કરવામાં આવેલ શ્રેષ્ઠ કૃતિ ની રચના કરનાર પ્રથમ વિજેતા સ્પર્ધક ને રૂપિયા ૫૦૦, દ્વિતીય વિજેતાને રૂપિયા ૩૦૦ તથા તૃતીય વિજેતા ને રૂપિયા ૨૦૦ નું રોકડ ઇનામ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. સમિતિ તરફથી વિભાગ ૨ માટે પસંદ કરવામાં આવેલ શ્રેષ્ઠ કૃતિ ની રચના કરનાર પ્રથમ વિજેતા સ્પર્ધક ને રૂપિયા ૧૦૦૦, દ્વિતીય વિજેતાને રૂપિયા ૭૦૦ તથા તૃતીય વિજેતા ને રૂપિયા ૫૦૦ નું રોકડ ઇનામ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. તેમજ આ વિજેતા સ્પર્ધકો ને ફેબ્રુઆરી ૨૦૧૮ માં સંસ્થા તરફથી યોજવામાં આવનાર શહેર ના જાણીતા કવિઓ ના કવિ સંમેલનમાં પોતાની કૃતિ ની રજૂઆત કરવા પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે.

[૭] ફેબ્રુઆરી ૨૦૧૮ માં સંસ્થા તરફથી યોજવામાં આવનાર કવિ સંમેલનમાં આ સ્પર્ધાનું પરિણામ જાહેર કરવામાં આવશે.જેમાં દરેક સ્પર્ધકે પોતાની શાળાના આચાર્યશ્રી તરફથી નિયુક્ત શિક્ષક સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે. દરેક આચાર્યશ્રીએ આ અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવી.

(૮) આ બાબતે જરૂર જણાયે શ્રી મનહર ત્રિ. શાહ – સંયોજક જન જાગૃતિ અભિયાન, વડોદરા. મો : ૯૪૨૭૮૩૭૬૭૨નો સંપર્ક કરવો.

જિલ્લા શિક્ષણાધિકારી

વડોદરા

નકલ રવાના:-(૧) શ્રી મનહર ત્રિ. શાહ – સંયોજક જન જાગૃતિ અભિયાન, વડોદરા.

(૨) શિક્ષણ નિરીક્ષક,મદદનીશ શિક્ષણ નિરીક્ષક સદર કચેરી જાણ સારૂ.

District Education Officer • Vadodara District, Vadodara